GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

# ભારતનું ઉદ્યોગક્ષેત્ર અને તેનું મહત્વ

**Dr Jignesh Kauangal, Arvinbhai Kevalbhai Paramar**

Principal (I/c) & Ph. D. Guide
Shree Narayana College of Commerce
Opp. ISRO, Jodhpur Tekra,
Ahmedabad
Mo: 9979350475

Ph.D. Research Scholar
Department of Economics,
Gujarat University, Ahmedabad
arvindkparmar007@gmail.com

**સારાંશ**

*ઉદ્યોગક્ષેત્ર એ વિવિધ રીતે જોતાં ખૂબ જ અગત્યનું ક્ષેત્ર છે. કારણકે ઉદ્યોગક્ષેત્ર એ વર્તમાન ભારતની G.D.P. માં લગભગ 29.35% ફાળો આપે છે. સાથે-સાથે નાણાંકીય વર્ષ 2023 માં 35.65 Million લોકોને રોજગારી પૂરી પાડે છે. જો કે રોજગારીના આંકડામાં ઘટાડો થયો છે . કારણ કે નાણાંકીય વર્ષ 2017 માં 51.31 Million લોકો ને ઉદ્યોગક્ષેત્ર રોજગારી પૂરી પાડતું હતું. આમ ધીમે ધીમે અર્થતંત્રમાં સેવાઆક્ષેત્રનો ફાળો વધતો જાય છે, ખેતીક્ષેત્ર અને ઉદ્યોગ ક્ષેત્રનો ફાળો ઘટતો જાય છે. કારણ કે નાણાંકીય વર્ષ 1950-51 માં ખેતીક્ષેત્રનો દેશની G.D.P માં ફાળો 51.81% હતો જે નાણાંકીય વર્ષ 2018 માં 17.01% જેટલો ઘટવા પામ્યો હતો. આમ સેવાક્ષેત્રનો ફાળો વર્ષ 1950-51 માં 33.26% હતો. જે 2018 ના વર્ષમાં 53.10% થઈ જવા પામ્યો હતો. આમ 1950-51 ના વર્ષથી 2021-22 ના વર્ષ સુધીમાં ઘણા બધા પરિવર્તનો અર્થતંત્રમાં જોવા મળ્યા છે. વાત કરીએ ગુજરાત રાજ્યની તો ગુજરાત એ ભારતના સૌથી ધનિક રાજ્યોની યાદીમાં ત્રીજા ક્રમે આવે છે. ગુજરાત ની સરેરાશ માથાદીઠ G.D.P. એ ભારતની સરેરાશ માથાદીઠ G.D.P. કરતાં વધારે છે. સુરત નગર એ વિશ્વભરના હીરાના વ્યાપાર તથા કારીગરીનું એક મુખ્ય કેન્દ્ર છે. સાથે દુનિયાનું સૌથી મોટું વહાણ ભાગવાનું કારખાનું પણ અલંગમાં આવેલ છે. આમ ઔદ્યોગિક વિકાસમાં ગુજરાત ખૂબ જ વિકાસ પામેલ રાજ્ય છે. ગુજરાતમાં બાર મોટા ઉદ્યોગ કેન્દ્રો આવેલા છે. જેમાં અમદાવાદ, ભરૂચ, સુરત, રાજકોટ, વડોદરા, વાપી, અલંગ, જામનગર,અંકલેશ્વર, કચ્છ, દહેજ, હજીરા, વગેરેનો સમાવેશ થાય છે.*

## પ્રસ્તાવના:-

અર્થતંત્રમાં કોઈ એક ક્ષેત્રનો વિકાસ થાય અને બીજા ક્ષેત્રનો વિકાસ બાકી રહી જાય તો અર્થવ્યવસ્થામાં અસમાનતા આવે છે. આથી કૃષિક્ષેત્ર અને સેવાક્ષેત્રની સાથે ઉદ્યોગક્ષેત્રનો વિકાસ થવો પણ ખૂબ જરૂરી છે. કારણ કે વર્તમાનમાં દેશની કુલ G.D.P માં સેવા ક્ષેત્રનો ફાળો 25.92% જોવા મળે છે. ભારતનો વિશ્વના બધા દેશો સાથેનો વ્યાપાર નાણાંકીય વર્ષ 2022-23 માં 1164.19 બિલિયન ડોલર હતો. જેમાં કુલ નિકાસ 450.06 બિલિયન હતી. આમ આ વિદેશી વ્યાપારની આવકમાં ઉદ્યોગક્ષેત્રની ભાગીદારી ખૂબ જ વિશાળ પ્રમાણમાં જોવા મળે છે. અને આમ ઉદ્યોગક્ષેત્રના વિકાસથી કૃષિક્ષેત્ર અને સેવા ક્ષેત્રનો પણ વિકાસ કરી શકાય છે, કારણ કે કૃષિક્ષેત્રમાંથી ઉત્પાદિત થતી વસ્તુઓને ઉદ્યોગક્ષેત્ર એ કાચામાલ તરીકે સ્વીકારે છે સાથે-સાથે કૃષિક્ષેત્ર માટે જરૂરી વસ્તુઓ જેવી કે સુધારેલા બિયારણો, જંતુનાશક દવાઓ, ટ્રેક્ટર, થ્રેસર વગેરે જેવી આધુનિક વસ્તુઓ પણ ઉદ્યોગક્ષેત્ર પૂરી પાડે છે.

## ઉદ્યોગ

"કાચમાલ પર પ્રક્રિયા કરી તૈયાર માલમાં ફેરવવાની નાણાકીય પ્રવૃતિને ઉદ્યોગ કહેવામાં આવે છે."

https://www.gapbhasha.org/


આમ ઉદ્યોગોને કદની દ્રષ્ટિએ, માલિકીની દ્રષ્ટિએ અને સ્વરૂપની દ્રષ્ટિએ વર્ગીકૃત કરી શકાય છે.

## ઉદ્યોગોનું વર્ગીકરણ

**કદની દ્રષ્ટિએ માલિકીની દ્રષ્ટિએ સ્વરૂપની દ્રષ્ટિએ**

(1)મોટા પાયાના ઉદ્યોગો (1)જાહેર ક્ષેત્રના ઉદ્યોગો (1)મૂડી પ્રધાન ઉદ્યોગો અને શ્રમ પ્રધાન ઉદ્યોગો
(2)નાના પાયાના ઉદ્યોગો (2)ખાનગી ક્ષેત્રના ઉદ્યોગો (2)મૂડી વિષયક વસ્તુઓનું ઉત્પાદન કરતાં
(3)ગૃહ ઉદ્યોગો (3)સંયુક્ત ક્ષેત્રના ઉદ્યોગો ઉદ્યોગો અને વપરાશી વસ્તુઓનું ઉત્પાદન
(4)સહકારી ક્ષેત્રના ઉદ્યોગો કરતાં ઉદ્યોગો

| ઉદ્યોગક્ષેત્રનો ભારતની G.D.P માં ફાળો (ટકાવારીમાં) | |
|---|---|
| નાણાંકીય વર્ષ | ઉદ્યોગક્ષેત્રનો ફાળો |
| 1950-51 | 14.16 |
| 1960-61 | 19.30 |
| 1970-71 | 20.48 |
| 1980-81 | 24.29 |
| 1990-91 | 26.49 |
| 2000-01 | 26.00 |
| 2010-11 | 27.16 |
| 2014-15 | 29.08 |
| 2017-18 | 29.01 |
| 2020-21 | 25.92 |




**Source: Central Statistical Organisation**

https://www.gapbhasha.org/

**(1)રાષ્ટ્રીય આવકમાં ફાળો**

ઉદ્યોગક્ષેત્રનો ભારતની G.D.P.માં 25.92% ફાળો નોંધવામાં આવ્યો છે. આઝાદી વખતે અર્થતંત્ર પર ખેતીનું પ્રભુત્વ વધારે પ્રમાણમાં જોવા મળતું હતું. પરંતુ સમય જતાં ખેતી ક્ષેત્રનો ફાળો ઘટવા લાગ્યો અને ઉદ્યોગ ક્ષેત્રનો ફાળો વધવા લાગ્યો. 1950-51 માં ભારતમાં ખેતી ક્ષેત્રનો ફાળો 55,2 % હતો અને ઉદ્યોગ ક્ષેત્રનો ફાળો 16.2% હતો. જ્યારે વર્તમાનમાં ખેતીક્ષેત્રનો ફાળો ઘટી દેશ ની કુલ G.D.P. માં 18.3% છે અને ઔધોગિક ક્ષેત્રનો ફાળો વધીને 25.92% થયો છે. આમ અર્થતંત્રમાં કાળક્રમે સેવાક્ષેત્રનો હીસ્સો ખૂબજ વધવા પામ્યો છે.

**(2)વિદેશી હુંડિયમણની કમાણી**

ભારતના ઔધોગિક ક્ષેત્રમાં ઉત્પન થયેલ માલસામાનની વિદેશોમાં નિકાસ કરવામાં આવે છે. જેના થકી વિદેશી હુંડિયામણ ભેગું કરવામાં આવે છે. અને આ વિદેશી હુંડિયામણ મેળવી અને એવી વસ્તુઓની આયાત કરવા માં આવે છે, કે જેનું ઉત્પાદન ભારત દેશમાં થતું નથી. સાથે સાથે ખેતીક્ષેત્રમાંથી ઉત્પન થયેલ કાચામાલનો ઉપયોગ કરી તેની કોઈ વસ્તુ બનાવી વિદેશોમાં વેચવામાં આવે અને તેના થકી પણ વિદેશી હુંડિયામણની કમાણી કરવામાં આવે છે. આમ નાણાંકીય વર્ષ 2022-23 માં ભારતનો કુલ વ્યાપાર 1164.19 બિલિયન ડોલર હતો. જેમાં કુલ નિકાસ 450.06 બિલિયન હતી. જ્યારે કુલ આયાત 714.13 બિલિયન ડોલર હતી.

**(3) ખેતીક્ષેત્ર અને સેવાક્ષેત્ર ના સહાયક તરીકે**

ખેતીક્ષેત્રમાંથી ઉત્પાદિત થતી વસ્તુને કાચામાલ તરીકે ઉદ્યોગક્ષેત્ર સ્વીકારે છે, અને તે વસ્તુને તૈયાર માલમાં રૂપાંતરિત કરી બજાર માં વેચવાનું કામ ઉદ્યોગ ક્ષેત્ર કરે છે. સાથે ઔધોગિકક્ષેત્ર દ્વારા આધુનિક યંત્રો દ્વારા એટલે કે ટ્રેક્ટર, થ્રેસર, કલ્ટીવેટર વગેરે જેવા સાધનો તૈયાર કરી ખેતીક્ષેત્રના આધુનીકરણમાં મદદરૂપ બને છે. સાથે વિવિધ પાકો માટે જરૂરી રાસાયણીક ખાતર, સુધારેલા બિયારણો વગેરે પણ પૂરા પાડે છે. આવી જ રીતે સેવાક્ષેત્ર માટે પણ મદદરૂપ થાય છે. એટલે કે બેંકોના રોકાણના માધ્યમ તરીકે સાથે વીમો, રોડ અને વાહનવ્યવહાર વગેરેમાં પણ મદદરૂપ થાય છે. .

**(4) રોજગારીમાં વધારો**

નાણાંકીય વર્ષ 2023 માં 35.65 million લોકોને ઉદ્યોગક્ષેત્ર રોજગારી પૂરી પાડે છે. જો કે રોજગારીના આંકડામાં ઘટાડો થયો છે. કારણ કે નાણાંકીય વર્ષ 2017 માં 51.31 million લોકોને ઉદ્યોગક્ષેત્ર રોજગારી પૂરી પાડતું હતું. ખેતીક્ષેત્રમાં પ્રચ્છન્ન કે છૂપી બેરોજગારી ઘટાંડવામાં ઉદ્યોગક્ષેત્ર સૌથી મોટી ભૂમિકા ભજવે છે. સાથે ગ્રામીણ ક્ષેત્રોમાં નાના અને કુટીર ઉદ્યોગોની સ્થાપનાથી વર્ષમાં થોડા જ મહિના રોજગારી મેળવતા લોકો ને પણ કુટીર ઉદ્યોગ દ્વારા રોજગરી આપી શકાશે તથા મહિલાઓ ને પણ રોજગારી આપી શકાશે. જેમ જેમ ઉદ્યોગ ક્ષેત્રનો વિકાસ થશે તેમ-તેમ ખેતીક્ષેત્રમાં ઉત્પાદિત થતી વસ્તુઓની માંગ વધશે. ખેતીક્ષેત્રની માંગ વધતાંની સાથે ખેતીક્ષેત્રમાં કામ કરતાં શ્રમિકોની માંગ વધશે. અંતે ઉદ્યોગક્ષેત્ર થકી ખેતીક્ષેત્રમાં પણ રોજગારી વધારી શકાશે. સાથે એક ઉદ્યોગથી બીજા ઉદ્યોગ સુધી માલની હેરફેર કરવા માટે તથા ખેતીક્ષેત્રમાંથી ઉત્પાદિત થતી વસ્તુને ઉદ્યોગો સુધી પહોંચડવા માટે રોડ અને વાહનવ્યવહારની જરૂરિયારત ઊભી થાય છે, આમ રોડ એન વાહનવ્યવહાર થકી પણ રોજગારી વધારવામાં મદદ મળશે.

**(5) સમતોલ આર્થિક વિકાસ માટે**

કોઈ એક ક્ષેત્રનો વિકાસ થાય અને બીજા ક્ષેત્રનો વિકાસ ના થાય તો અર્થતંત્રનો સમતોલ વિકાસ શક્ય બની શકે નહી. જેનું સીધું ઉદાહરણ એટલે બિહાર રાજ્ય બિહાર એ એવું રાજ્ય છે કે જ્યાં ઔદ્યોગિક ક્ષેત્રનો બિલકુલ વિકાસ થયો નથી. જ્યારે તમિલનાડુ, મહારાષ્ટ્ર, ગુજરાત જેવા રાજ્યોમાં ખૂબ જ વધારે પ્રમાણમાં વિકાસ થયો છે. આથી સમતોલ આર્થિક વિકાસ કરવા માટે ઉદ્યોગ ખૂબ જરૂરી છે. કારણ કે જે વિસ્તારમાં ઉદ્યોગો ઊભા કરવામાં આવે છે. આ વિસ્તારનો વિકાસ કરવો ખૂબ જ સરળ બની જાય છે. કારણ કે જે વિસ્તાર માં ઉદ્યોગો બને છે. એ વિસ્તારમાં જમીનોના ભાવોમાં વધારો

https://www.gapbhasha.org/

થાય છે. સાથે-સાથે તે વિસ્તારમાં લોકોને રોજગારી મળવાનું ચાલુ થાય છે. ઉદ્યોગમાં કામ કરતાં શ્રમિકોને રહેવા માટે મકાનોની આવશ્યકતા વધે છે. આથી મકાનોની માંગ વધે છે. આમ કોઈ પણ ક્ષેત્રમાં ઉદ્યોગોની સ્થાપના કરવાથી ત્યાં સંપૂર્ણ વિસ્તારનો વિકાસ કરી શકાય છે.

## REFERENCES

[1] https://www.india.gov.in
[2] http://pib.gov.in
[3] https://www.drishtiias.com
[4] Economic Survey 2021-22
[5] http://m.statisticstimes.com
[6] https://indianexpress.com
[7] https://www.aajtak.in

https://www.gapbhasha.org/